ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૭ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૮ ટકા

# સ્વાસ્થ્ય પ્રેમીઓ માટે પુનિતવન હોટ ફેવરિટ

## વહેલી સવારે શહેરમાં કસરત કરતા લોકો માટે પુનિતવન પ્રિય સ્થળ બન્યુ છે





ગાંધીનગર, તા. ૨૫

શિયાળાની ઋતુની શરૂઆત થઈ ગઈ છે. શહેરીજનો શિયાળામાં ખાસ કરીને પોતાના શરીરને લઈને ખૂબ જાગૃત હોય તેવા દશ્યો જોવા મળી રહ્યા છે. શહેરમાં વહેલી સવારે ઉઠીને શહેરીજનો બગીચાઓ અને માર્ગોની આસપાસ કસરત, યોગ, વોકિંગ, સાયકલિંગ કરતા જોવા મળી રહ્યા છે. જેમાં ગાંધીનગરમાં પુનિત વન સૌ કોઈનું પ્રિય સ્થળ બન્યું છે. વહેલી સવારે અહીંયા કસરત કરતા લોકોની અવરજવર વધી રહી છે. આ સ્થળ પર લોકોને કસરત કરવાનું વધારે પસંદ પડી રહ્યું છે. પુનિતવનની સુંદરતા લોકોને આકર્ષી રહી છે. પુનિતવનનું શાંતિપ્રિય વાતાવરણ આ શાંત શહેરના લોકો માટે પ્રિય બન્યું છે. પુનિતવન વર્ષ ૨૦૦૫માં ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા વિકસાવવામાં આવ્યું હતુ. વન વિભાગે અહીં ૬ હેક્ટરની જમીનને સુંદર રીતે ઓપ આપ્યો છે. પુનિતવનમાં અવનવા વૃક્ષો વાવવામાં આવ્યા છે જે તારાઓ, ગ્રહો, રાશી ચિહ્નો સાથે સંકળાયેલા છે. પુનિત શબ્દનો અર્થ ગુજરાતીમાં પવિત્ર એમ થાય છે. આ બગીચાને પવિત્ર વન કહેવાય છે. જ્યારે તેની સ્થાપના કરવામાં આવી હતી તે સમયે લગભગ ૩૫૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતા તે બધા વૃક્ષો હિન્દુ પૌરાણિક કથાઓ અનુસાર જ્યોતિષીય મહત્વ ધરાવે છે. પુનિતવનમાં નક્ષત્રવન, રાશીવન, નવ ગ્રહ વન, પંચવટી વન વગેરે છે. પુનિતવનમાં પગદંડી, એમ્ફી થીયેટર, વનકુટીર તેમજ ફૂવારો રમણીયતામાં ઉમેરો કરે છે. ગાંધીનગરમાં આ વન એક મહત્વનું પર્યટન સ્થળ પણ છે.

જ્યારે કોઈ શહેર કુદરત દ્વારા આશીર્વાદિત હોય છે ત્યારે રહેવાસીઓ અને મુલાકાતીઓને તેની સમૃદ્ધિને અન્વેષણ કરવાની અને માણવાની તક મળે છે. પરંતુ જો તેમની પાસે ઉભા રહેવાનો અને જોવાનો સમય હોય તો જ. ગાંધીનગર વિવિધ જાતિના રંગબેરંગી પક્ષીઓનું ઘર છે. તમે અહીં રહો છો તો તમારે જાગવા માટે એલાર્મ ઘડિયાળની જરૂર પણ નથી સવારમાં પક્ષીઓ દ્વારા બનાવેલા સંગિતના અવાજો પૂરતા છે. પછી ભલે તે વ્હાઈટ થ્રોટેડ ફેનટેલની મીઠી વ્હિસલ હોય, સમૂહ ગીતમાં કિલકિલાટ કરતા પોપટ હોય કે જંગલ બેબલર અને તેનો પરિવાર. ગાંધીનગર નામ સાંભળતા જ એક સુખદ અનુભૂતિનો અહેસાસ થાય છે. ત્યારે આ શિયાળાની મોસમમાં શહેરીજનો વહેલી સવાર અને સાંજે કસરત, યોગ, સાયકલીંગ, રનીંગ કરીને શહેરની રમણીય જગ્યાઓનો ઉપયોગ કરી રહ્યા છે. જ્યાં ગરમાગરમ સૂપ અને જ્યુસ પણ વહેલી સવારે આવતા લોકો માટે ઉપલબ્ધ રહે છે. મોટી સંખ્યામાં ભેગા થઈને પોતાના સ્વાસ્થ્યની જાળવણી માટેના યોગ, કસરત, વોકિંગ, રનીંગ સહિતની એક્સરસાઈઝ પુનિતવન ખાતે કરવામાં આવી રહી છે. જેમાં યોગ કોચરોનો પણ અગત્યનો ફાળો છે.

## શાહપુરની શાળામાં મતદાન જાગૃતિ રેલીનું આયોજન



ગાંધીનગર, તા.૨૫

વિધાનસભા સામાન્ય ચુંટણી ૨૦૨૨ અંતર્ગત ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રા.શાળામાં મતદાન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિવિધ સુત્રો સાથે શાળાના વિદ્યાર્થીઓએ ગામના દરેક વિસ્તારમાં જઈને તેમના વાલી અને ગામના દરેક યુવાનોને રાષ્ટ્રના ઉત્થાન માટે ફરજીયાત મતદાન કરવા માટે અપીલ કરી હતી.

## રવિવારે સે. ૨૧માં ‘નજરબંધીના નુસખા’નો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૫

‘ત્રિદલ’ સંસ્થાના ઉપક્રમે નવેમ્બર માસના ચોથા રવિવારે ૨૭મી તારીખે સાંજે ૪.૩૦ કલાકે ‘નજરબંધીના નુસખા’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અશ્વિન વી. શાહ દ્વારા ૭૯૦, નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સામે સેક્ટર-૨૧ ખાતે આ કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવશે. સૌ નગરજનોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું હતું.


## કાશ્મીરમાં ગાંધીનગરના કનૈયાલાલ ભટ્ટનું વ્યાખ્યાન



ગાંધીનગર, તા.૨૫

ભારત સરકારના શિક્ષા મંત્રાલયના ઉચ્ચ શિક્ષા વિભાગના કેંદ્રીય હિંદી નિદેશાલય, નવી દિલ્હી અને જમ્મૂ-કાશ્મીર રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ જમ્મુના સંયૂક્ત તત્ત્વાવધાનમાં આઠ દિવસીય એક હિંદીત્તર ભાષી હિંદી નવલેખક શિબિર એમ.એ.એમ. કૉલેજ- જમ્મૂમાં યોજાયેલ છે. જેમાં હિંદી કવિ સંમેલન યોજાયેલ જેમાં ડિમ્પલ વર્મા, મીનાક્ષી, ઈશિતા, હિના મહાજન, સુનામિકા, વિજ્યા ઠાકુર, ઈન્દુ ભુષણ બાલી, ગિરજા શર્મા, સંજીવ ભશીન, શહેનાઝ કાઝી, શેખ મોહમ્મદ કલ્યાણ, પ્રો. સંજયસીંગ, ડૉ. આદર્શ પ્રકાશ, ડૉ. રાધાકૃષ્ણન (કેરલ) ડૉ. કનૈયાલાલ ભટ્ટ (ગુજરાત) તથા ઉર્દૂ ભાષાના જાણીતા શાયર ડૉ. બેતાબએ પોતાની હિંદી, ઉર્દૂ અને ડોગરી ભાષાની કવિતાઓ પ્રસ્તુત કરી હતી. કવિ સંમેલનનું સંચાલન પ્રો. સંજયસીંગ સમ્યાલે કર્યું હતું.

## એ.વી.વી. ઇંગ્લીશ મીડીયમ સ્કૂલમાં જ્ઞાનકુંજનું આયોજન








ગાંધીનગર, તા.૨૫

વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. મીડીયમ સ્કૂલ માં જ્ઞાનકુંજ નું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોના અંદર છુપાયેલી પ્રતિભાને બહાર લાવવા શાળા દ્વારા ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. બાળકોની આંતરિક શક્તિને ખીલવવા સુંદર મજાના ટોપિક્સ ઉપર તેમને અનુરૂપ મોડેલ પ્રોજેક્ટ ચાર્ટ પેપર્સ બનાવી વિદ્યાર્થીઓએ તેમની અદભુત શૈલીમાં આ જ્ઞાનકુંજમાં સુંદર મજાની રજૂઆત કરી હતી. જેમાં શાળાના વર્ગના દરેકે દરેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સંગીત, નૃત્ય, વિજ્ઞાન, ગણિત, વૈદિક મેથ્સ, કલા, સાહિત્ય, ઈતિહાસ, રમત ગમત, ડેઝર્ટ દરેક વિષય આવરી લઈ ફેકલ્ટીઝના સતત માર્ગદર્શન હેઠળ તેને અનુરૂપ લાઈવ પ્રોજેક્ટ અને મોડેલ બનાવી અને વિદ્યાર્થીઓએ તેમની મહેનત તથા વાલીના માર્ગદર્શનથી ખૂબ જ સુંદર મજાની રજૂઆત કરી હતી. જેમાં મોટી સંખ્યામાં વાલીઓએ ઉપસ્થિત રહી અને ખુબ જ સહકાર આપ્યો હતો અને બાળકો માં ઉત્સાહ વધાર્યો હતો. આ જ્ઞાનકુંજ ની ઈવેન્ટ દ્વારા બાળકો માં છુપાયેલ અલગ-અલગ પ્રકારના હુન્નર તથા કૌશલ્યને ઓળખી શક્યા હતા. શાળા પરિવારે બાળકોને તથા તેમની કલાને બિરદાવ્યા હતા.

## રાજન ત્રિવેદીની ગ્લોબલ એચિવર્સ ડૉ બી આર આંબેડકર અવોર્ડ માટે પસંદગી



ગાંધીનગર

ગોપાલ કિરણ સમાજ સેવી સંસ્થા ગ્વાલિયર દ્વારા ગાંધીનગર ગુજરાત ના સામાજિક કાર્યકર અને સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)- ’ગુજરાત પ્રદેશ મંત્રી- આઈ.ટી.સેલ’ રાજન ત્રિવેદીને ગ્લોબલ એચી વર્ષ ડૉ બી આર આંબેડકર એવોર્ડ – ૨૦૨૨ માટે સંસ્થાના અધ્યક્ષશ્રી પ્રકાશ નિમરાજે દ્વારા પસંદગી કરવામાં આવી છે. રાજન ત્રિવેદી અનેક સામાજિક સંસ્થા સાથે જોડાયલા છે.

ગ્લોબલ એચિવર્સ એવોર્ડ અને કોક્લેવ ૨૭ નવેમ્બર ૨૦૨૨ના રોજ અમદાવાદ ઈંડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ ખાતે યોજાશે.આ કાર્યક્રમમાં ગુજરાત ગાંધીનગરના સામાજિક કાર્યકર સાહિત્યકાર ડૉ ગુલાબ ચંદ પટેલ ના પુસ્તક "આષાઢ કે બાદલ"નું વિમોચન પણ કરવામાં આવશે

## જે.બી.પ્રાથમિક શાળામાં વિવિધ સ્પર્ધા યોજાઈ






ગાંધીનગર, તા.૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી.પ્રાથમિક શાળાના ધો.૩/૪ના વિદ્યાર્થીઓ માટે બુધવારે અલગ અલગ પ્રવૃતિ તથા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો.૩માં આસોપાલવના પાંદડામાંથી તોરણ બનાવવું અને ધો.૪માં ફુલોમાંથી રંગોળી બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ ૮૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાના આચાર્યા નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## આર.જી.કન્યા વિદ્યાલય દ્વારા મતદાન જાગૃતિ રેલી યોજાશે

**ગાંધીનગરના આર.જી.પટેલ કન્યા વિદ્યાલયથી રેલીનો પ્રારંભ થશે : બે હજાર જેટલા વિદ્યાર્થીઓ આ રેલીમાં સહભાગી બનશે**

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાના મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ અર્થે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા તા. ૨૬મી નવેમ્બર, ૨૦૨૨ ના રોજ મતદાન જાગૃત્તિનું રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રેલીનો પ્રારંભ આર.જી. કન્યા વિદ્યાલય, કડી સંકુલ, સેકટર- ૨૩, ગાંધીનગર ખાતેથી સવારે ૯-૦૦ વાગ્યાથી થશે. ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સુશ્રી પ્રવિણા ડી.કે.ના માર્ગદર્શન હેઠળ ‘અવસર લોકશાહીનો’ અભિયાન અંતર્ગત જિલ્લાના નાગરિકોમાં મતદાન જાગૃતિ ફેલાય તે માટે ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના અનુસંધાને જીફઈઈ-સ્વીપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત તા. ૨૬મી નવેમ્બર, ૨૦૨૨ના રોજ મતદાન જાગૃત્તિ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલના આર.જી. કન્યા વિદ્યાલયના ગેટ નંબર- ૭ ખાતેથી સવારે ૯.૦૦ કલાકે નીકળશે.

ત્યારબાદ આ રેલી ઘ-૬ સર્કલ થી ઘ-૫ સર્કલ જશે અને ત્યાંથી આર.જી. કન્યા વિદ્યાલયના ગેટ-૭ ખાતે પરત આવશે. આ રેલીમાં અંદાજે બે હજાર જેટલા વિદ્યાર્થીઓ સહભાગી થશે. રેલી દરમ્યાન બાળકો મતદાન જાગૃત્તિ અર્થે બેનર લઈને ચાલશે તેમજ મતદાન જાગૃતિ અંગે સૂત્રોચ્ચાર પણ કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના તમામ તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ પણ શાળાનાં બાળકો દ્વારા આ પ્રકારની મતદાર જાગૃત્તિ રેલી સ્થાનિક કક્ષાએ યોજવામાં આવશે.

## સ્વ.પી.આઈ.પટેલની પુણ્યતિથિ નિમિત્તે રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલોને ભોજન



ગાંધીનગર, તા.૨૫

સી.યુ.શાહ કોલેજના પ્રોફેસર પી.આઈ.પટેલની પુણ્યતિથિ નિમિત્તે તેમના પત્નિ મંજુલાબેન પટેલે રાહેલબા વૃધ્ધાશ્રમ મગોડીમાં વરિષ્ઠ નાગરિકો, અશક્તોને ભોજન કરાવ્યું હતું. આ પ્રસંગે ડો.સંજય પટેલ, હેતલ પટેલ, ઈશાન પટેલ, અંશ પટેલ તેમજ લીલાબેન, અનસુયાબેન, ભરતકુમાર, મગોડી કેળવણી મંડળના પ્રમુખ નવનીતભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.ભરથરી રમેશભાઈ લક્ષ્મણભાઈ** ઉ.વ.૫૦, ધોળાકુવા
- **સ્વ.વણઝારા ભાણાજી નાથાજી** ઉ.વ.૪૪, સેકટર-૨૫
- **સ્વ.વાઘેલા મહેન્દ્રસિંહ ખોડાજી** ઉ.વ.૫૩, લેકાવાડા
- **સ્વ.ઠાકોર સુરજબેન ગોબરજી** ઉ.વ.૭૯, પેથાપુર


## જન્મદિને વધામણી



**અલ્કાબેન નરેન્દ્રભાઈ પ્રજાપતિ**
મો. ૯૭૧૪૩ ૯૫૭૫૭



**સ્વરા જિજ્ઞેશ રાવલ**
મો. ૯૮૯૮૭ ૮૭૫૨૦




**વિષ્ણુ આચાર્ય**
મો. ૯૪૨૯૬ ૧૧૦૭૭



**હેતરાજસિંહ ઝાલા**
મો. ૯૮૨૪૯ ૪૨૪૮૮



**મૈત્ર ગોપાલક્રિષ્ન સોલંકી**



**ખુશી આનંદભાઈ પરમાર**



**રાણા મેહુલભા**
મો. ૮૪૦૧૬ ૯૫૭૯૬



**સતિષસિંહ ઠાકોર**
મો. ૮૮૬૬૬ ૪૩૩૩૭



**પ્રતાપસિંહ રામસિંહ પરમાર**
મો. ૯૮૭૯૦ ૩૦૯૬૪